# કાશીબાનું રસોડુ

- આનંદ રાવ
gunjan_gujarati@yahoo.com

"હલો ...." મેં ફોન ઉપાડ્યો.

"અલ્યા, કાશીબા આવ્યાં છે. તને બહુ જ યાદ કરે છે." પ્રવીણનો અવાજ હતો.

"કાશીબા? આપણી કૉલેજવાળાં કાશીબા?" મને આશ્ચર્યનો ધક્કો લાગ્યો. "કેવી રીતે આવ્યાં? એમની ઉમ્મર તો ..."

"હું ઈન્ડીયા ગયો હતો. મારી સાથે વીઝીટર તરીકે પરાણે ખેંચી લાવ્યો છું. બીજી વાત પછી ...." એણે ફોન મુકી દીધો. કાશીબાના હાથના રોટલા ખાઈને પ્રવીણ આજે શીકાગોનો મોટો શ્રીમંત ઉધ્યોગપતી બની ગયો છે.

કાશીબાની મારી યાદ સળવળી ઉઠી. એમની સાથે કશુ સગપણ તો ન્હોતું. "દર મહીનાની પહેલી તારીખે પૈસા લો અને તમારે રસોડે અમને જમાડો." આ અમારું સગપણ. અમે કુલ ચાર વીધાર્થીઓ હતા. નવા નવા કૉલેજના પહેલા વર્ષમાં દાખલ થએલા. સાંકડ મુકડ ભાડાની એક રુમમાં રહેતા અને સામે આવતી જીંદગી વીષે જાતજાતનાં રંગબેરંગી સપનાંમાં રાચતા રહેતા.

કાશીબાના રસોડા વીષે પ્રવીણે જ કહેલુ એટલે અમે એમને મળવા પહોંચી ગયા. અમારી રુમની નજીક જ હતાં. જગ્યા બહુ નાની હતી. એક જ રુમ હોય એવુ લાગ્યુ. એક ખુણામાં પીત્તળના બે સ્ટવ પડ્યા હતા. સ્ટવની બાજુમાં એક નાના ખોખામાં દીવાસળીની પેટી, સ્ટવની એક બે પીન અને સ્ટવ સળગાવવાનો કાકડો પડ્યો હતો. બાજુના પાણીયારા ઉપર બે માટલાં અને પીત્તળનો ડોયો લટકતો હતો. બારણા પાછળના ખુણામાં ગ્યાસતેલનો ડબ્બો અને પંપ મુકેલાં હતાં. લાકડાનો એક પટારો દેખાતો હતો એમાં એમની બીજી બધી ઘર વખરી હશે એવું લાગતુ હતુ.

"આવો ભૈ ... " કાશીબા એક કથરોટમાં લોટ ચાળતાં હતાં. એ બંધ રાખી એમણે લોટની એ કથરોટ અને ચારણી બાજુમાં મુક્યાં અને અમને આવકાર્યા. અમે પલાંઠી વાળીને નીચે ગોઠવાઈ ગયા.

"નમસ્તે કાશીબા...." મેં શરુઆત કરી. "કાશીબા, અમારે તમારા રસોડામાં જમવાની ગોઠવણ કરવી છે."

"તામારા ચારે જણા માટે?"

"હા ..." મેં કહ્યુ.

"ભૈ, ચાર જણાનું રાંધવાનું તો મારાથી નહી પહોંચી વળાય. અત્યારે મારે ત્યાં બે જણા જમે છે. એમાંથી એક જણ ભણી રહ્યો છે એટલે એ જવાનો છે. એની જગાએ હું એક જણને જમાડુ. બહુ તો બે જણાને. ચારે જણાને નહી. પણ ભૈ, તમને અહીં મારે ત્યાં આવવાનું કોણે કહ્યુ?"

"એણે જ. જે ભણી રહ્યો છે એ પ્રવીણે જ. અમે એને ઓળખીએ છીએ. એ હવે અમેરીકા જાય છે."

"એ તો મને કહેતો હતો કે પરદેશ જવાનો છે."

"એ જ પરદેશ .... અમેરીકા. ત્યાં ભણવા જવાનો છે."

"એ મુઓ ભણવામાં બહુ હોશીયાર. પણ ખાવા પીવામાં જરાય ધ્યાન નહી. ધમકાવીને પરાણે મારે એની થાળીમાં મુકીને ખવરાવવુ પડે. ભૈ, ઉગતુ શરીર હોય એટલે શરીરને બરાબર પોશણ તો આપવુ જ પડે ને! આ ભાવે અને પેલુ ના ભાવે એવુ નાનાં છોકરાં જેવુ કંઈ ચાલે? ચાર વરસથી હું એને જમાડતી આવી છુ. પણ રોજનો મારે એનો કકળાટ." એકાએક કાશીબા ગળગળાં થઈ ગયાં. એમના "મુઓ" શબ્દમાં પણ વ્હાલ હતુ. આંખો અને નાક લુછી આગળ બોલ્યાં ... "એ જમવા નહી આવે તે દા'ડે મને ...." અમે ગમગીન બનીને કાશીબા તરફ જોતા રહ્યા.

"ભૈ, બહુ હારુ ... એ તો જ્યાં જશે ત્યાં ભણીગણીને નાંમ કઢશે. મને કહ્યા કરતો કે અહીંની કૉલેજમાં પણ પોતે પહેલા નંબરે પાસ થાય છે. ભૈ, છોકરો ભલો અને સીધો છે. નોકરી કે ધંધો કરીને બહુ કમાશે. ફકત એના ખાવા પીવાનું ધ્યાન રાખે એવી બૈરી એને મળી જાય એટલે બસ."

કાશીબાને ત્યા જમનારા છોકરાઓ માત્ર એમના "ઘરાક" જ ન્હોતા. આ વાતચીત દરમીયાન મેં કાશીબાને ઓળખી લીધાં. એ માત્ર પૈસા માટે રાંધવાવાળાં રસોયણ બાઈ ન્હોતાં. પૈસા લઈને જમાડવા કરતાં કાળજી વધારે રાખતાં. વાત્સલ્ય અને માતૃત્વ પણ પીરસતાં.

કાશીબા હા-ના કરતાં રહ્યાં અને સમજાવી પટાવીને મેં અમારા ચારેનું જમવાનું એમને ત્યાં ગોઠવી દીધુ. પહેલા મહીનાના પૈસા પણ અમે આપી દીધા. કાશીબાએ અઠવાડીયાની વાનગીમાં શુ શું જમાડશે તે અમને સમજાવી દીધુ. એક કડક સુચના પણ આપી દીધી. થાળીમાં સહેજ પણ એંઠુ રાખીને અનાજ અને પૈસાનો બગાડ પોતે નહી ચલાવી લે. ભાવે કે ના ભાવે બધુ ખાવાનું.

કાશીબાની મારા ઉપર બહુ ઊંડી છાપ પડી ગઈ. વીધવા હતાં. પચ્ચાસેક વર્ષની ઉમ્મર. પ્રેમાળ, સૌમ્ય ચહેરો. એકલા હાથે જીંદગી સામે ટક્કર લઈ રહ્યાં હોય એવુ લાગ્યુ.

* * *

ચારેક મહીના વીત્યા. અમારુ ભણવાનું બરાબર ગોઠવાઈ ગયુ હતું. કાશીબાને ત્યાં જમવાનું તો અમે ધાર્યુ હતુ એના કરતાં ક્યાંય વધારે સારી રીતે જામી ગયુ હતુ. અમે ચારે જણા એક સાથે જમવા જઈ શકતા ન્હોતા. મને બેત્રણ ટયુશનો મળી ગયાં હતાં એટલે હું અનીયમીત થઈ ગયો હતો. પણ કાશીબા મારી થાળી બરાબર ઢાંકીને મારી રાહ જોતાં. હું પહોંચુ એટલે સ્ટવ ઉપર બધુ ગરમ કરીને મને જમાડતાં.

એક સાંજે હું જમતો હતો.

"અલ્યા, પેલો રમણ ગઈકાલે સાંજે જમવા ન્હોતો આયો. આજે બપોરે પણ ના દેખાયો. કેમ ના આયો?" દાળ પીરસતાં કાશીબાએ પુછ્યુ.

"કાશીબા, એને શરદી તાવ છે. એટલે સુઈ રહ્યો છે."

"સાવ ભુખ્યો? પેલા બે જણા આવીને જમી ગયા. પણ મને કશુ કહ્યુ નહી. તું ય મુંગો રહ્યો છું." કાશીબાએ મને તતડાવ્યો.

એમણે તરત બે ઢેબરાં બનાવી નાખ્યાં. ચોખાની બે પાપડી શેકી નાખી. અભેરાઈ ઉપરથી નાનું થરમસ ઉતાર્યુ. આદુનો ઉકાળો બનાવીને એમાં ભર્યો.

"આ લઈ જા. ગરમ ગરમ એને પીવરાવજે. મસાલાવાળાં થેપલાં અને આ પાપડીથી એનું મોંઢુ સારુ થશે. પેટમાં રાહત રહેશે. તમારી રુમમાં બામ કે એવી કોઈ દવા રાખો છો? નહીતર આ ડબ્બી લઈ જા. એના કપાળે ઘસજો. સાજે માંદે એક બીજાની કાળજી રાખતા રહો. ચાર ભાઈઓની જેમ પ્રેમથી જીવો. બાકી આ દુનીયામાં બીજુ કંઈ નથી."

* * *

દર રવીવારે કાશીબા અમને મીઠાઈ જમાડતાં. વાનગીઓ પણ વધારે બનાવતાં. પણ સાંજે રસોડુ બંધ. એમને એટલો આરામ મળતો. અમે સાંજે ભુખ્યા ના રહીએ એટલા માટે અમને થોડી મીઠાઈ અને બીજુ કોરુ સાથે બાંધી આપતાં.

એક રવીવારની સાંજે બસમાંથી ઉતરીને હું મારી રુમે જતો હતો. સામે કાશીબા મળ્યાં. બહુ જ અસ્વસ્થ લાગતાં હતાં. એક હાથમાં શાકભાજીની મોટી થેલી હતી. બીજા હાથમાં નાની થેલી હતી તે છાતી સરસી દાબીને ઉતાવળે પગલાં માંડતાં હતાં.

"કાશીબા, લાવો, આ શાકની થેલી મને આપી દો. હું આવુ છું તમારી સાથે." પરાણે મેં થેલી લઈ લીધી. અમે કાશીબાની ઓરડીએ પહોંચ્યા. કાશીબાએ ચાવી કાઢીને તાળુ ખોલ્યુ. મેં શાકની થેલી દીવાલ પાસે મુકી. પેલી નાની થેલી કાશીબા ખીંટી ઉપર લટકાવવા જતાં હતાં પણ નીચે પડી ગઈ. એમાંથી ફ્રેમ કરેલો એક ફોટો બહાર પડ્યો.

"આ કોનો ફોટો છે કાશીબા?" ફોટો ઉઠાવતાં મેં પુછ્યું.

કાશીબા ધ્રુસ્કે ચઢી ગયાં. "બેટા, આ મારો એકનો એક દીકરો હતો. એ અને એના બાપા બન્ને જણા એક ખટારાની હડફેટમાં આવીને ગુજરી ગયા છે. આજે હોત તો તારી ઉમ્મરનો હોત. આજે એનો જનમ દીવસ છે એટલે મંદીરમાં પગે લગાડવા લઈ ગઈ'તી."

કાશીબાને ત્યાં જમતા બધા છોકરાઓમાં એમને એમના આ દીકરાનું પ્રતીબીંબ દેખાતુ હશે. માટે જ આટલો પ્રેમ આપીને લાડથી જમાડતાં હશે. ▯